# ઈલોલ સીસીઆઈ કેન્દ્રમાં કપાસ વેચવા આવેલા ખેડૂતોએ રસ્તા રોક્યા



હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં કપાસનું વાવેતર વધુ થતુ હોવાને કારણે અનેક ખેડૂતો વધુ ભાવ મેળવવા માટે પોતાનો પાક મુકી રાખે છે. દરમિયાન થોડા સમય અગાઉ કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને નુકશાન ન જાય તે આશયથી ખરીદ કેન્દ્ર મારફતે પ્રતિ ૨૦ કિલોના ૯૦૦ રૂપિયાના ભાવે કપાસની ખરીદી કરવા માટે જિલ્લાના અનેક ઠેકાણે સીસીઆઈ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે હિંમતનગર તાલુકાના ઈલોલ ખાતે વિસ્તારમાંથી અંદાજે ૫૦૦થી વધુ ખેડૂતો પોતાના વાહનો લઈને કપાસ વેચવા માટે આવતાં સીસીઆઈ કેન્દ્ર વાહનોથી ઉભરાઈ ગયું હતું. બીજી તરફ સાંજે છ વાગ્યાનો સમય પૂર્ણ થતાં ખરીદી બંધ કરવામાં આવી હતી. જેના કારણે કપાસ વેચવા આવેલા ખેડૂતોની હાલત કફોડી બની હતી. જેના કારણે ખેડૂતો રોષે ભરાયા હતા. પરિસ્થિતિના પારખી જઈને સીસીઆઈ કેન્દ્રના અધિકારી એલ.એલ. ચાવલાએ કપાસ વેચવા આવેલા ખેડૂતોને ચબરખી આપીને સોમવારે તેમનો માલ પ્રથમ



(તસવીર : મગનજી વણઝારા)

સીસીઆઈ કેન્દ્ર શરૂ કરાયું છે. જ્યાં છેલ્લા કેટલાક દિવસોથી કપાસની ખરીદી કરવામાં આવી રહી છે. દરમિયાન શનિવારે આ પંથકમાંથી અંદાજે ૫૦૦ થી વધુ ખેડૂતો પોતાના વાહનો લઈને કોટન વેચવા માટે ઈલોલ સીસીઆઈ કેન્દ્રોમાં આવ્યા હતા. પરંતુ શનિવારે સમય પૂર્ણ થઈ જતાં ખરીદી બંધ કરાઈ હતી. જેથી ખેડૂતો વિફર્યા હતા. દરમિયાન આ ખેડૂતોએ રવિવારે અકળાઈને રસ્તાઓ રોકી દીધા હતા. જેના કારણે પોલીસને આવી દરમ્યાનગીરી કરવી પડી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર અને ઈડર તાલુકાના ખેડૂતોને અનુકૂળ રહે તેવું કેન્દ્ર ઈલોલને ગણવામાં આવે છે. જ્યાં કેન્દ્ર સરકાર દ્વારા થોડા સમય અગાઉ ટેકાના ભાવે કપાસની ખરીદી કરવા માટેનું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જ્યાં આસપાસના વિસ્તારોમાંથી અનેક ખેડૂતો વાહનોમાં કપાસ ભરીને વેચવા માટે આવી રહ્યા છે. દરમિયાન શનિવારે આ ખરીદવામાં આવશે તેવું લેખિત આપ્યું હતું. દરમિયાન શનિવારથી કપાસ વેચવા આવેલા ખેડૂતોની ધીરજ ખુટી ગઈ હતી. જેથી કપાસ વેચવા આવેલા ખેડૂતો પૈકી મહાદેવપુરાના ચંદુભાઈ ભગાભાઈ પટેલ, પ્રવિણભાઈ ચીમનભાઈ પટેલ સહિતના ખેડૂતોએ રોષે ભરાઈને રવિવારે રસ્તા પર આડશો મુકી દઈ વાહનવ્યવહાર અટકાવી દીધો હતો. બીજી તરફ આ અંગે હિંમતનગર ટાઉન અને રૂરલ પોલીસને ખબર પડતાં સીપીઆઈ એસ.કે. ત્રિવેદી તથા સ્ટાફે ઘટના સ્થળે આવી ખેડૂતોને સાંભળી દરમિયાનગીરી કરી રસ્તા પરની આડશો દૂર કરાવી દીધી હતી. આ અંગે ખેડૂતોનું કહેવું છે કે જો સોમવારે ભાવ ગગડી જાય તો અમને નુકશાન થાય તેમ છે. સંદર્ભે સીસીઆઈ કેન્દ્રના અધિકારીએ ખેડૂતોનો રોષ પારખી સોમવારે સૌ પ્રથમ શનિવારથી ઉભેલા ખેડૂતોનો માલ ખરીદવાની લેખિત ખાત્રી આપ્યા બાદ ખેડૂતો શાંત થયા હતા.

# દૂધના ભાવમાં ભડકો : દૂધમાં બે અને છાશમાં એક રૂપિયાનો તોળાતો ભાવ વધારો

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકો પશુપાલકોના કરોડરજ્જુ સમાન સાબરકાંઠા જિલ્લાની સહકારી સંસ્થા સાબરડેરી દ્વારા કિલો ફેટે રૂપિયા ૪૪૦ કરવામાં આવ્યા છે. દૂધના વપરાશકારોને દૂધની થેલીએ રૂ. ૨ ની તથા અમુલ છાશમાં રૂ. ૧ નો વધારો મુકાયો છે. પરિણામે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની ચા ની ચૂસ્કી વધુ મોંઘી અને કડવી બની જશે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાની સહકારી સંસ્થા સાબરડેરી દ્વારા આગામી તા. ૧૧મી એપ્રિલથી કિલોદીઠ ફેટે રૂ. ૪૪૦ ચુકવવાનું નક્કી કરાતા દૂધ ઉત્પાદકોમાં આનંદની લાગણી છવાઈ છે. જેનો ૧૭૫૦ જેટલા સંસ્થાના સભાસદોને આ ભાવ વધારાનો લાભ મળશે.

આમ દૂધના ભાવ વધારાના કારણે અમૂલ દૂધની થેલી પર રૂપિયા ૨ નો વધારો કરી દેવાતા અમુલ ગોલ્ડની ૧ લીટરની થેલી હવે ૩૬ને બદલે ૩૮માં મળશે. જ્યારે અમુલ શક્તિની ૧ લીટરની થેલી ૩૩ના બદલે રૂ. ૩૫માં મળશે. સાબરડેરી દ્વારા પ્રતિદિન અમુલ ગોલ્ડ દૂધ ૩૦ હજાર લીટર તેમજ અમુલ શક્તિનું ૨૨ હજાર લીટરનું વેચાણ થાય છે. આમ હાલમાં દૂધની માંગ ૫૨ હજાર લીટર છે. આ ભાવ વધારાથી હાલ ગ્રાહકોને રૂપિયા ૧,૦૪,૦૦૦નો બોજો પડશે તથા પ્રતિ માસ રૂપિયા ૩૧,૨૦,૦૦૦નો દૂધના વપરાશકારોના ખિસ્સા પર પડશે. ઉપરાંત છાસમાં પણ રૂપિયા ૧ નો ભાવ વધારો કરવામાં આવ્યો છે. આમ કમરતોડ મોંઘવારી અને દિન પ્રતિદિન તેલના ભાવમાં ભડકો થઈ રહ્યો છે ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગને દૂધના ભાવ વધારા સાથે વધુ એક ફટકો પડ્યો છે. અને તેમની ચા હવે ચા નહી પણ કાવો રહી જશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. દૂધ અને છાશના ભાવ વધારાના કારણે દૂધ ઉત્પાદકો તથા પશુપાલકો ખુશ ખુશાલ થઈ રહ્યા છે. પરંતુ દૂધના વપરાશકારો ભારોભાર નારજગી વ્યક્ત કરી રહ્યા છે.

## તલોદ પોલીસ અધિકારીઓની રહેમ નજરથી અસામાજિક તત્ત્વોનો રાફડો

તલોદ, તા.૪

તલોદ તાલુકામાં જ પ્રોફેસરમાંથી પી.એસ.આઈ. બનેલા વી.વી. ઓડેદરાને સીધા તલોદમાં મુકાતા અને જુના જાણીતા જમાદારોની દોરવણી હેઠળ તલોદ પોલીસ મથક છેલ્લા ઘણા સમયથી એક ધમધમતી ધંધાદારી પેઢી બની ચુકયું છે. જેથી તલોદમાં બુટલેગરો અને અસામાજીક તત્ત્વોનો રાફડો ફાટી નિકળ્યો છે. ત્યારે રહીશોએ વારંવાર જિલ્લા અને રાજયકક્ષાએ રજૂઆત કરતા પી.એસ.આઈ. વી.વી. ઓડેદરાની અમદાવાદ ખાતે બદલી કરવામાં આવી હતી તેમ છતાં છ માસથી પણ વધારે સમય વીતી ગયો હોવા છતાં ઓડેદરા તલોદ ખાતે યથાવત રહેતા લોકોમાં શંકાનો સૂર ઉઠવા પામ્યો છે.

(તસવીર : હેમુભા વાઘેલા)



## શિહોરી-દિયોદર રોડ પર દોડતા રેતીના ટ્રકવાળાઓથી નાનાં વાહન-ચાલકો અને રાહદારીઓ પરેશાન

કાંકરેજ તાલુકાના મથક ગણાતા શિહોરીથી લઈ હાઈવે પર રેથી ભરેલા ટ્રક ખુલ્લા લઈને ફરતા નાના વાહનચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. હાઈવે પર પૂરઝડપે દોડતી રેતી ભરેલ ગાડીઓ પર તાડપત્રી ન હોવાના કારણે રસ્તે ચાલતા રાહદારીની આંખોમાં ધૂળ પડતાં સાઈકલોવાળા, બાઈકોવાળા અને શટલીયાવાળાઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જ્યારે આકોલી ચાર રસ્તા ઉપર સ્પીડ બ્રેકર ન હોવાને કારણે ટરબાવાળા રફ એન્ડ ટફનો ઉપયોગ કરી ગતિમર્યાદાનું ઉલ્લંઘન કરી તાડપત્રી ઢાંક્યા વીના બિના રોકટોક કાયદાના ધજીયા ઉડાડી રહ્યા છે તો શું આવા વાહનચાલકો સામે અધિકારીઓ પગલાં ભરશે ખરા ? કે પછી આમ જનતાને પડતી મુશ્કેલીઓ વિશે અધિકારીઓ અજાણ હશે. આમ તો બનાસ નદીની રેતી પ્રખ્યાત છે પણ સાથે સાથે તાડપત્રી વિના ફરવામાં ટરબાવાળાઓ પણ પ્રખ્યાત જ છે તો લાગતા વળગતા અધિકારીઓ ઘટતું કરે તેવો જનમત છે.

# સાબરકાંઠા જિલ્લામાં મુખ્ય શિક્ષકોની સીધી ભરતી પ્રક્રિયાનો પ્રારંભ

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં એચ. ટાટની પરીક્ષામાં પાસ થયેલા મુખ્ય શિક્ષકોને પ્રાથમિક શાળામાં આચાર્યોની સીધી ભરતી પ્રક્રિયા દ્વારા નિમણુંક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ૨૩ માર્ચથી શરૂ થયેલી ઓનલાઈન ભરતી પ્રક્રિયામાં ૭૦ થી વધુ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા છે. અને ઓનલાઈન અરજીની અંતિમ તારીખ ૧૪ એપ્રિલ-૨૦૧૨ નિર્ધારીત કરવામાં આવી હોવાનું જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

આ અંગે માહિતી આપતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રકાશ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં ૧૦૦ આચાર્યોની ખાલી જગ્યાઓ ભરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં ૫૦ આચાર્યોની જગ્યાઓ મુખ્ય શિક્ષકોને પ્રમોશનથી અને ૫૦ આચાર્યોની ખાલી જગ્યા એચ-ટાટ પાસ શિક્ષકોની નિમણૂંકથી ભરવામાં આવશે. ૨૩ માર્ચથી એચ-ટાટ પાસ થયેલા શિક્ષકો પાસેથી ઓન લાઈન અરજી ફોર્મ સ્વિકારવામાં આવી રહ્યા છે. અને ૭૦ જેટલી અરજી મળી છે.

એ.ટી.ડી. તથા સ્પોર્ટસના શિક્ષકો એચ.ટાટની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય તેવા શિક્ષકોને આચાર્ય તરીકે માન્યતા આપવા માટેની માંગણી કરવામાં આવી છે. અને કેટલા ઉમેદવારોએ સંયુક્ત રીતે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરતા તા. ૧૪ એપ્રિલ સુધી ભરતી પ્રક્રિયા લંબાવવામાં આવી છે. વધુમાં એચ-ટાટ પાસ થયેલા શિક્ષકોની સંખ્યા વધુ હોવાથી મેરીટના આધારે આચાર્યોની પસંદગી ગાંધીનગર સ્થિત રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવશે જ્યારે સ્થળ પસંદગીનો નિર્ણય જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ તરફથી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.



કાંકરેજ ધારાસભ્યશ્રી બાબુભાઈ દેસાઈના અથાગ પ્રયત્નોથી વિચરતી જાતીના 'ફૂલવાદી'ના કુટુંબોને ૯૦ મફત પ્લોટોની સનદ આપવામાં આવી હતી. તેની જાણ વાદી કુટુંબોને બોલાવીને શિહોરી ખાતે અર્પણ કરવામાં આવશે તે માટે રજૂઆત કરી મફત પ્લોટો ફાળવવાનીતજવીજ કરવામાં બાબુભાઈ દ્વારા વિચરતી જાતીના ફૂલવાદી કુટુંબોની રજૂઆત સાંભળતા નજરે પડી રહ્યા છે. (તસવીર : રામજીભાઈ રાયગોર)

# કેન્દ્ર સરકારે દેશના કિસાનોને પાયમાલ કર્યા ત્યારે એકમાત્ર ગુજરાતમાં ખેડૂતો સુખી થયા

### દાંતીવાડામાં અખિલ ભારતીય ગુડોલ ચૌધરી સમાજનું વિશાળ સમાજનું વિશાળ સંમેલન

દાંતીવાડા, તા. ૮

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ખેડૂતોને ગૂમરાહ કરવા જૂઠાણા લઈને નીકળી પડેલા લોકોને પડકારતાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના હળાહળ અન્યાય અને જૂલ્મોની વચ્ચે ગુજરાતે કૃષિ વિકાસ અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે વિક્રમ સર્જયા છે.

કેન્દ્રની સરકારે દેશના કિસાનો અને ખેતીને પાયમાલ કરી દીધા છે જયારે એકમાત્ર ગુજરાતે ખેડૂતોને સુખી કરવાનો સાચો માર્ગ અપનાવ્યો છે એમ આજે દાંતીવાડામાં અખિલ ભારતીય ચૌધરી-ગુડોલ સમાજના વિશાળ મહાસંમેલનને સંબોધતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

જેઓ ખેડૂતોને ગૂમરાહ કરવા જૂઠાણાની ભરમાર ફેલાવી રહ્ના છે તેમને પડકારતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, દેશમાં કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારે ખેડૂત અને ખેતીને પાયમાલ કરી દીધા છે ત્યારે એકલા ગુજરાતના ખેડૂતો સમૃદ્ધિના સુખના માર્ગે છે. ખેડૂતોની મહેનત અને પસીનાથી જ, ગુજરાતનો કૃષિ વિકાસ દર અગિયાર ટકા ઉપર પહોંચી ગયો છે. જયારે દેશમાં આજે પણ કૃષિ વિકાસ દર ત્રણ ટકાથી આગળ વધતો નથી જેઓ ગુજરાતને બદનામ કરી રહ્ના છે તે કાળી મજૂરી કરીને કાચું સોનું પકવતા રાજ્યના કિસાનો માફ નહીં કરે.

કપાસની નિકાસ ઉપર પ્રતિબંધ મુકીને ગુજરાતના ખેડૂતોને પાયમાલ કરવાનું પાપ કેન્દ્ર સરકારે કર્યું છે. કેન્દ્રની સરકારની અવળચંડાઈ તો એવી છે કે ગુજરાતમાં ગૌરક્ષા માટે કાગારોળ મચાવનારા વિપક્ષની દિલ્હીની સરકાર કોટનની નિકાસ ઉપર ટેક્ષ નાંખ્યો છે અને મટનની નિકાસ માટે સબસીડી આપે છે. ગુજરાતે ગૌવંશ આખાની રક્ષા માટે કડક કાયદો અમલમાં મુકયો છે અને અબોલ પશુધનની રક્ષા કરી છે.

## મહિલાને ગૃહ ઉદ્યોગ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસ્તુઓના પ્રદર્શન સહ વેચાણનાં આયોજન થાય છે અને એનો સંપૂર્ણ ખર્ચો કલ્પતરૂ લાયબ્રેરી કમિટી ભોગવે છે અને નફો જે તે કર્મચારીઓને મળે છે!!

અને છેલ્લામાં છેલ્લે હમણાં જે કલ્પતરૂ પરિવારની મહિલાને ગૃહઉદ્યોગ માટે જે વગર વ્યાજની લોન આપીને એમની ઈચ્છા અનુસાર હપ્તાની ગોઠવણ કરી આપી કલ્પતરૂ પરિવારનાં સભ્યોની લાગણી જીતી લીધી છે..વિકાસની હરણફાળ ભરી રહેલી કલ્પતરૂ કંપનીના કારીગર અને કર્મચારીનાં પરિવાર માટેનાં આવાં વિચારાત્મક અભિગમથી સમાજ માટે એક શ્રેષ્ઠ દાખલો પુરો પાડયો છે..પરિવારનાં વિકાસ અને ઉત્થાન માટેનાં અભિગમનું સૌએ અનુકરણ કરવાં જેવું છે !!

## પેથાપુર પાલિકાની પેટા ચૂંટણીમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રયાસો કરતા હતા. છેલ્લા એક કલાકમાં ત્રણેક ટકા જેટલું મતદાન નોંધાયું હતું.

બંને પક્ષોએ આ પેટા ચૂંટણીમાં વિજય અંગેનો દાવો કર્યો છે. સ્થાનિક કાર્યકરમોમાં આજે આ મતદાનને લઈ ભારે ઉત્સાહ જોવા મળતો હતો.

કોંગ્રેસના વરિષ્ટ અગ્રણી સ્વ. લક્ષ્મણસિંહ ડાભીના અવસાનથી ખાલી પડેલી આ બેઠક માટે કોંગ્રેસ પક્ષે તેમના દિકરા સૂર્યસિંહ ડાભીને ઉમેદવાર તરીકે પસંદ કર્યા હતા જ્યારે ભાજપે પણ આ વૉર્ડમાં અગાઉ ચૂંટણી લડી ચૂકેલા જયદીપસિંહ પર પુનઃ પસંદગી ઉતારી હતી.

ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના કાર્યકરોએ આ ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. ૨૧ સભ્યો ધરાવતી પેથાપુર નગરપાલિકામાં ભાજપ - કોંગ્રેસના હાલ ૧૦-૧૦ સભ્યો છે તેથી આ પેટા ચૂંટણીનું પરિણામ સત્તાકારણ માટે મહત્વનું સાબિત થશે.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| અહેમદઉલ્લા શેખ | મોડાસા | ૯૯૧૩૫ ૮૭૧૪૫ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| પ્રવિણભાઈ સોની | મેઘરજ | ૯૪૨૮૫૫૪૯૫૪ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૯૩૨૮૩૧૧૫૭૫ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન